**રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

# "ડી.પી.એસ.ઈ પરીક્ષા – ૨૦૧૯ નું જાહેરનામું"

## "Notification of DPSE Exam -2019"

**ક્રમાંક:રાપબો/DPSE/૨૦૧૯/૫૨૬૪-૫૨૮૭** **તા:૧૨/૦૨/૨૦૧૯**

શિક્ષણ વિભાગનાં પત્ર ક્રમાંક:જશભ/૧૨૧૭/સિંગલ ફાઈલ/૭૯/ન તારીખ:૧૯/૧૨/૨૦૧૭ થી ડિપ્લોમા ઈન પ્રી-સ્કુલ એજ્યુકેશન (D.P.S.E.) નાં પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમ અને મુલ્યાંકન માળખાને શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ થી અજમાઈસી ધોરણે લાગુ કરી ત્યાર બાદ અંતિમ સ્વરૂપને અમલમાં મુકવાની મંજુરી આપવામાં આવેલ છે.

જે અનુસાર શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ થી ડી.પી.એસ.ઈ. અભ્યાસક્રમ બે વર્ષનો અમલી બનેલ હોય, ડી.પી.એસ.ઈ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં નિયમિત પરીક્ષાર્થીઓ તેમજ આ અભ્યાસક્રમનાં પુનરાવર્તિત ઉમેદવારો માટેની બાહ્ય લેખિત પરીક્ષા આગામી એપ્રિલ - ૨૦૧૯ માં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવશે.

**ડી.પી.એસ.ઈ.નો નવો અભ્યાસક્રમ ઓગષ્ટ ૨૦૧૭ થી અમલમાં આવેલ છે. NCTE નોર્મ્સ મુજબ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારે પ્રવેશ મેળવ્યા તારીખથી ત્રણ વર્ષમાં આ અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહે છે. જે અનુસાર વર્ષ:૨૦૧૬ થી અને ત્યાર પછીના દર વર્ષે ડી.પી.એસ.ઈ. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધાની તારીખ થી ત્રણ વર્ષ સુધીમાં ડી.પી.એસ.ઈ. દ્વિતીય વર્ષની પરીક્ષા પાસ કરી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. આ અંગેની તાલીમાર્થીઓને જાણ કરવાની જવાબદારી સંબધિત સંસ્થાઓની રહે છે.**

**ડી.પી.એસ.ઈ. જુના અભ્યાસક્રમમાં અનુત્તીર્ણ રહેલ ઉમેદવારો માટે એપ્રિલ – ૨૦૧૯ માં લેવાનાર વાર્ષિક પરીક્ષા તેઓ માટે આખરી તક રહેશે. જે અંગે જુના અભ્યાસક્રમના અનુત્તીર્ણ રહેલા ઉમેદવારોને સંબધિત સંસ્થાઓએ જાણ કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.**

સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા સૂચનાઓ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૧૨/૦૨/૨૦૧૯ |
| ૨ | રા.પ.બો. દ્વારા જાહેરનામું E-mail થી સંબધિત ડાયેટ અને તમામ સંસ્થાનોને મોકલવાની તારીખ | ૧૨/૦૨/૨૦૧૯ |
| ૩ | વેબસાઇટ પર સંસ્થા દ્વારા ઉમેદવારોનાં આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧૮/૦૨/૨૦૧૯ થી ૨૩/૦૨/૨૦૧૯ |
| ૫ | આચાર્યશ્રીએ સંસ્થા દ્વારા ભરાયેલા આવેદનપત્રોની હાર્ડકોપી અને સોફ્ટકોપી રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાનો સમયગાળો | ૨૭/૦૨/૨૦૧૯ |
| ૬ | સંસ્થાઓ દ્વારા બોર્ડ પાસેથી સીટનંબર અને મૂલ્યાંકન પત્રકો મેળવી લેવાની તારીખ | ૦૭/૦૩/૨૦૧૯ |
| ૭ | તાલીમી સંસ્થા/કોલેજ કક્ષાએ લેવાતી તમામ બાહ્ય પ્રાયોગિક પરીક્ષાનો સમયગાળો | ૧૧/૦૩/૨૦૧૯ થી ૧૬/૦૩/૨૦૧૯ |
| ૮ | **દરેક તાલીમી સંસ્થાના આચાર્યશ્રીઓએ** બાહ્ય પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકો દ્વારા તૈયાર થયેલ ગુણપત્રકો (બાહ્ય પરીક્ષક+આંતરીક પરીક્ષક+એકંદરી પત્રક) સીલબંધ કવર્સ **રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરમાં રૂબરૂ જમા કરવાનો સમયગાળો** | પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસે અથવા ૧૮/૦૩/૨૦૧૯ સુધીમાં |
| ૯ | **દરેક તાલીમી સંસ્થાઓએ** સંસ્થા દ્વારા લેવાતી તમામ આંતરિક પરીક્ષાના ગુણપત્રકોનાં સીલબંધ કવર્સ **સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરમાં જમા કરવાનો સમયગાળો** | ૧૦/૦૪/૨૦૧૯ |
| ૧૦ | સંસ્થાઓએ ઓનલાઇન હોલ ટીકીટ ડાઉન લોડ કરવાનો સમયગાળો | ૧૬/૦૪/૨૦૧૯ થી ૨૨/૦૪/૨૦૧૯ |
| ૧૧ | લેખિત પરીક્ષાનો સમયગાળો | ૨૨/૦૪/૨૦૧૯ થી ૦૧/૦૫/૨૦૧૯ |

## ❖ પરીક્ષાનું માધ્યમ :

પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે. તમામ પ્રશ્નપત્રના ઉત્તરો ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

## ❖ પરીક્ષાનાં પ્રશ્નપત્રો :

- તમામ પ્રશ્નપત્રો વર્ણાનાત્મક સ્વરૂપના રહેશે.
- તમામ પ્રશ્નપત્રોના ઉત્તરો ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

## ❖ ઓનલાઇન અરજી કરવાની રીત :-

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૧૮/૦૨/૨૦૧૯ (બપોરના ૧૪.૦૦) થી તા.૨૩/૦૨/૨૦૧૯ (રાતના ૨૩.૫૯ કલાક) દરમિયાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે. સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જઈ 'Apply online ' ઉપરClick કરવું.
- "D.P.S.E. પરીક્ષા-૧૯" સામે Apply On line પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે. Application Form માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- Application Form માં * નિશાની વાળી માહિતી ફરજીયાત ભરવાની રહેશે.
- અરજીફોર્મ ઉમેદવારે ચોકસાઇ પૂર્વક ભરવાનું રહેશે. ઉમેદવારનું નામ, અટક, જન્મતારીખ, જાતિ, પરીક્ષાના વિષયો કે અન્ય કોઇપણ બાબતે પાછળથી રાજય પરીક્ષા બોર્ડ તરફથી કોઇપણ સુધારો કરી આપવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo - Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Applicationપર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો.
- એકવાર અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- અરજી Confirm થઇ ગયા બાદ ઉમેદવાર નો Confirmation Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવો.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- આથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની સ્લીપની પ્રિન્ટ કાઢી લેવી. ત્યારબાદ ફી ચલણની સ્લીપ મુજબની ફીની રકમ સંબધિત સંસ્થામાં જ રોકડેથી જમા કરવાની રહેશે.
- હવે અરજીપત્રકની પ્રિન્ટ પર પરીક્ષાર્થીએ ભરેલી તમામ વિગતો ખરેખર સાચી છે. તેની ખાતરી કરી પરીક્ષાર્થીની સહી લેવી તથા પ્રમાણિત કર્યા બદલ સંસ્થાના પ્રાચાર્યશ્રી / આચાર્યશ્રીએ સહી સિક્કા કરવાના રહેશે.

❖ <u>ઉમેદવારની યોગ્યતા:-</u>

1) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા કેન્દ્રીકૃત પ્રવેશ પ્રક્રિયાથી NCTE માન્યતા પ્રાપ્ત D.P.S.E. સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ હોય અને અભ્યાસ ચાલુ હોય તેવા ઉમેદવારો.
2) જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય અને તે સંસ્થા દ્વારા ઉમેદવારોની રજી. ફી અને તે સંસ્થાના સંલગ્નતા ફી રાજ્ય પરીક્ષા બોર્ડમાં ચાલુ વર્ષે ભરવામાં આવેલ હોય.
3) NCTEનાં નોર્મ્સ અને GCERT દ્વારા નિયત થયેલ વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૨૦૦ શૈક્ષણિક કાર્યદિવસ હાજર રહી અભ્યાસક્રમ પૂર્ણ કરેલો હોય તેવા જ ઉમેદવારો. જો કોઇ ઉમેદવારોની હાજરી ૨૦૦ કાર્યદિવસ કરતા ઓછી હોવા છતાં સંસ્થા ફોર્મ ભરાવશે તો તેવી સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
4) સ્વનિર્ભર ડી.પી.એસ.ઈ. સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા મંજૂર કરેલ યાદી સાથે મોકલવાની રહેશે.

❖ <u>ફી ભરવાની રીત:-</u>

પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે અરજી Confirm થયા બાદ ચલણ સ્લીપની પ્રિન્ટ મેળવીને, આ ચલણ મુજબની ફી સંબધિત સંસ્થામાં રોકડમાં જમા કરાવવાની રહેશે. દરેક સંસ્થાએ પ્રથમ અને દ્વિતિય વર્ષના ઉમેદવારો પાસેથી આવેલ ચલણની નકલ મુજબ વર્ષ વારની યાદી તૈયાર કરી ઉમેદવાર પાસેથી જમા થયેલ ફી પેટેની પ્રથમ અને દ્વિતિય વર્ષની કુલ રોકડ રકમનો સંયુકત ડિમાન્ડ ડ્રાફ્ટ "**<u>સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર</u>**"નાં નામનો કઢાવી આવેદનપત્રોની ફાઈલ સાથે રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાનો રહેશે.

❖ <u>પરીક્ષા ફી :</u>

- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નકકી થયેલ પરીક્ષા ફી નીચેના કોઠા મુજબ રહેશે.

| ડી.પી.એસ.ઈ. પ્રથમ અને દ્વિતીય વર્ષનાં નિયમિત ઉમેદવારની પરીક્ષા ફીની વિગત | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | પ્રથમ વર્ષ | દ્વિતીય વર્ષ |
| ૧ | ઓનલાઇન આવેદનપત્ર ફી | ૨૫/- | ૨૫/- |
| ૨ | નિયમિત તાલીમાર્થીઓની પરીક્ષા ફી | ૨૫૦/- | ૨૫૦/- |
| ૩ | ગુણપત્રક ફી | ૫૦/- | ૫૦/- |
| ૪ | પ્રમાણપત્ર ફી | - | ૫૦/- |
| ૫ | માઇગ્રેશન સર્ટીફીકેટ ફી | - | ૫૦/- |
| કુલ ફી | | ૩૨૫/- | ૪૨૫/- |
| ડી.પી.એસ.ઈ. પ્રથમ અને દ્વિતીય વર્ષનાં પુનરાવર્તિત ઉમેદવારની પરીક્ષા ફીની વિગત | | | |
| ૬ | ઓનલાઇન આવેદનપત્ર ફી | ૨૫/- | ૨૫/- |
| ૭ | પુનરાવર્તિત એક વિષય દીઠ | ૫૦/- | ૫૦/- |
| ૮ | ગુણપત્રક ફી | ૫૦/- | ૫૦/- |
| ડી.પી.એસ.ઈ. પ્રથમ અને દ્વિતીય વર્ષનાં નિયમિત / પુનરાવર્તિત ઉમેદવારની રીચેકિંગ ફીની વિગત | | | |
| ૯ | રીચેકીંગ ફી એક વિષય દીઠ | ૧૦૦/- | ૧૦૦/- |
| ડી.પી.એસ.ઈ. પ્રથમ અને દ્વિતીય વર્ષનાં નિયમિત / પુનરાવર્તિત ઉમેદવારની સુધારા ફીની વિગત | | | |
| ૧૦ | ગુણપત્રક, પ્રમાણપત્ર, માઇગ્રેશન સર્ટી પૈકી કોઇપણ પ્રમાણપત્રમાં એક સુધારાદીઠ | ૧૦૦/- | ૧૦૦/- |

**<u>નોંધ:- ઉપરોક્ત વિગતે દર્શાવેલ ફી ના ધોરણો કરતા પરીક્ષા ફી ના સંદર્ભમાં કોઈપણ પ્રકારની વધુ ફી ની રકમ કોઈ તાલીમી સંસ્થા લઈ શકશે નહીં.</u>**

❖ **સંસ્થાએ રજૂ કરવાના જરૂરી આધારો / પ્રમાણપત્રો વિગતો :-**

1. **ફાઈલ નંબર – ૧ માં રજુ કરવાના આધારો:-**

(1.1):- નીચેના ફોર્મેટમાં સંસ્થાનો ફોર્વડીંગ લેટર.

| ક્રમ | વિગત | SC | ST | OBC | GEN | TOTAL |
|---|---|---|---|---|---|---|
| ૧ | DPSE પ્રથમ વર્ષ(NEW COURSE)ના નિયમિત તાલીમાર્થીઓની સંખ્યા | | | | | |
| ૨ | DPSE પ્રથમ વર્ષ(NEW COURSE) પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | | | | | |
| ૩ | DPSE દ્વિતિય વર્ષ(NEW COURSE)ના નિયમિત તાલીમાર્થીઓની સંખ્યા | | | | | |
| ૪ | DPSE OLD COURSEનાં પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | | | | | |
| કુલ | | | | | | |

(1.2): નીચે દર્શાવેલ પત્રક મુજબના નમૂનામાં વિદ્યાર્થીઓની યાદી પરીક્ષા ફીના ડી.ડી. સાથે જમા કરાવવાની રહેશે.

| ક્રમ | કન્ફર્મેશન નંબર | વિદ્યાર્થીનું નામ | | | વર્ષ (પ્રથમ/દ્વિતિય) | વિદ્યાર્થીનો પ્રકાર (નિયમિત/પુનરાવર્તિત) | ફીની રકમ |
|---|---|---|---|---|---|---|---|
| | | અટક | નામ | પિતા/પતિનું નામ | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

(1.3 ): તારીજ પત્રક

| | | | |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ નિયમિત ઉમેદવારોની સંખ્યા | | ડી.ડી.ની વિગત | |
| પ્રથમ વર્ષ પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | | બેન્કનું નામ | |
| દ્વિતિય વર્ષ નિયમિત ઉમેદવારોની સંખ્યા | | ડી.ડી.ની રકમ | |
| જુના અભ્યાસક્રમનાં પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | | ડી.ડી.ની તારીખ | |

(1.4): સંસ્થાના ડી.પી.એસ.ઈ ના નિયમિત અને પુનરાવર્તિત ઉમેદવારોની વર્ષ વાર અલગ-અલગ યાદી ક્ષતિ રહિત ધો-૧૨ ની માર્કશીટ પ્રમાણે જ (અટક+વિદ્યાર્થીનું નામ+પિતાનું નામ-ALPHABATICALLY ORDER મુજબ) અંગ્રેજી કેપિટલ અક્ષરમાં “Times New Roman” ફોન્ટમાં હાર્ડ કોપી તથા સોફ્ટકોપી (સી.ડી.) એક્સેલમાં (Excel sheet) તૈયાર કરી સી.ડી. પર કોલેજનું નામ/કોલેજ કોડ દર્શાવીને ફાઈલમાં સામેલ રાખવાના રહેશે.

(1.5): સંસ્થાએ પોતાના લેટર પેડ પર નીચેના ફોર્મેટમાં સંસ્થાની સંલગ્નતા અને તાલીમાર્થીઓની રજી. ફી બોર્ડ ખાતે જમા કરાવેલ છે તેની વિગતો દર્શાવતુ પત્રક :

| ફી | કુલ સંખ્યા | બેંક નું નામ | તારીખ | ડ્રાન્ઝિ./ડી.ડી નંબર | ફીની રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| રજીસ્ટ્રેશન | | | | | | |
| સંલગ્નતા | - | | | | | |
| કુલ ફી | | | | | | |

2. **ફાઈલ નંબર- ૨ માં રજુ કરવાના આધારો:-**

(2.1) - ઉમેદવારો દ્વારા ભરાયેલા આવેદનપત્રો જેમાં આચાર્યશ્રીએ સહી સિક્કા કરેલ હોય તે અસલ આવેદનપત્રો.

(2.2) - પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલા પ્રવેશ પત્રની નકલ.

(2.3) - ધોરણ - ૧૨ ની માર્કશીટની નકલ ( પ્રથમ/દ્વિતીય વર્ષ નિયમિત માટે) તથા પ્રથમ વર્ષ પુનરાવર્તિત /જુના અભ્યાસક્રમના પુનરાવર્તિત ઉમેદવારના કિસ્સામાં ધોરણ - ૧૨ અને ડી.પી.એસ.ઈ. માર્કશીટની નકલ.

3. ઉપરોક્ત બંને ફાઈલો પર નીચે દર્શાવેલ નમુનાનુ પત્રક પેસ્ટ કરી મુકવાનુ રહેશ

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | કોલેજનો કોડ અને નામ | |
| ૨ | કોલેજ નું પુરૂ સરનામું | |
| ૩ | કોલેજ જિલ્લો | |
| ૪ | કોલેજ આચાર્યશ્રીનુ નામ | |
| | આચાર્યશ્રીનો મો.નં | |
| | સંસ્થાનો ટેલીફોન નંબર | |
| ૫ | ડી.પી.એસ.ઈ- પ્રથમ વર્ષ નવો અભ્યાસક્રમ નિયમિત ઉમેદવારોની સંખ્યા | |
| ૬ | ડી.પી.એસ.ઈ- પ્રથમ વર્ષ નવો અભ્યાસક્રમ પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | |
| ૭ | ડી.પી.એસ.ઈ- દ્વિતિય વર્ષ નવો અભ્યાસક્રમ નિયમિત ઉમેદવારોની સંખ્યા | |
| ૮ | ડી.પી.એસ.ઈ પુનરાવર્તિત (ઓલ્ડ કોર્ષ) ઉમેદવારોની સંખ્યા | |
| ૯ | કુલ ઉમેદવારોની સંખ્યા | |

❖ ડી.પી.એસ.ઈ. પરીક્ષા – ૨૦૧૯ નું સમય પત્રક:-

| રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર<br>ડી.પી.એસ.ઈ પ્રથમ વર્ષ નવા અભ્યાસક્રમની પરીક્ષાનો કાર્યક્રમ એપ્રિલ-૨૦૧૯ | | | | | |
|---|---|---|---|---|---|
| કોર્ષ | તારીખ | વાર | સમય | વિષયનું નામ | ગુણ |
| ૧ | ૨૨-૦૪-૧૯ | સોમ | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | ભારતમાં શિશુ સંભાળ અને કેળવણી | ૭૦ |
| ૨ | ૨૩-૦૪-૧૯ | મંગળ | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | બાળક અને બાળ વિકાસ | ૭૦ |
| ૩ | ૨૪-૦૪-૧૯ | બુધ | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | બાળ આરોગ્યશાસ્ત્ર અને પોષણ | ૭૦ |
| ૪ | ૨૫-૦૪-૧૯ | ગુરુ | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | પૂર્વપ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ : સિધ્ધાંતો અને પ્રાથમિકતાઓ | ૭૦ |
| ૫ | ૨૬-૦૪-૧૯ | શુક્ર | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | ગાણિતિક સંકલ્પનાનો વિકાસ | ૭૦ |
| ૬ | ૨૭-૦૪-૧૯ | શનિ | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | ભાષા વિકાસ | ૭૦ |
| ૭ | ૨૯-૦૪-૧૯ | સોમ | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | બાળકમાં પર્યાવરણીય સમજનો વિકાસ | ૭૦ |
| ૮ | ૩૦-૦૪-૧૯ | મંગળ | **૧૦:૦૦ થી ૧૩:૦૦** | પૂર્વ પ્રાથમિક શિક્ષણની પધ્ધતિઓ અને સામગ્રી | ૭૦ |
| ૯ | ૦૧-૦૫-૧૯ | બુધ | **૧૦:૦૦ થી ૧૧:૩૦** | સ્વવિકાસ | ૩૦ |

| રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર<br>ડી.પી.એસ.ઈ દ્વિતીય વર્ષ નવા અભ્યાસક્રમની પરીક્ષાનો કાર્યક્રમ એપ્રિલ-૨૦૧૯ | | | | | |
|---|---|---|---|---|---|
| કોર્ષ | તારીખ | વાર | સમય | વિષયનું નામ | ગુણ |
| ૧ | ૨૨-૦૪-૧૯ | સોમ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | જાતિ, વૈવિધ્ય અને સમાવેશી શિક્ષણ | ૭૦ |
| ૨ | ૨૩-૦૪-૧૯ | મંગળ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | પૂર્વ પ્રાથમિક શિક્ષણ: આયોજન અને વ્યવસ્થાપન | ૭૦ |
| ૩ | ૨૪-૦૪-૧૯ | બુધ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | ભાષા, ગણિત અને પર્યાવરણનું સંકલિત શિક્ષણ | ૭૦ |
| ૪ | ૨૫-૦૪-૧૯ | ગુરુ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | વાલી અને સમાજ શિક્ષણ | ૭૦ |
| ૫ | ૨૬-૦૪-૧૯ | શુક્ર | ૧૪:૦૦ થી ૧૫:૩૦ | સ્વ વિકાસ | ૩૦ |

| રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર<br>ડી.પી.એસ.ઈ જૂનો અભ્યાસક્રમ પરીક્ષા કાર્યક્રમ એપ્રિલ - ૨૦૧૯ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તારીખ | વાર | સમય | વિષયનું નામ | ગુણ |
| ૧ | ૨૨-૦૪-૧૯ | સોમવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | બાલમાનસશાસ્ત્ર | ૫૦ |
| ૨ | ૨૩-૦૪-૧૯ | મંગળવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | શિક્ષણના સિધ્ધાંતો | ૫૦ |
| ૩ | ૨૪-૦૪-૧૯ | બુધવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | શાળા સંચાલન | ૫૦ |
| ૪ | ૨૫-૦૪-૧૯ | ગુરુવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | બાળ આરોગ્ય અને બાળ કલ્યાણ પ્રવૃતિઓ | ૫૦ |
| ૫ | ૨૬-૦૪-૧૯ | શુક્રવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | પૂર્વ પ્રાથમિક કેળવણીનો ઇતિહાસ | ૫૦ |
| ૬ | ૨૭-૦૪-૧૯ | શનિવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રવર્તમાન પ્રશ્નો | ૫૦ |
| ૭ | ૨૯-૦૪-૧૯ | સોમવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | ઇન્દ્રિય વિકાસ શિક્ષણ પદ્ધતિ | ૫૦ |
| ૮ | ૩૦-૦૪-૧૯ | મંગળવાર | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | ભાષાકીય તથા ગણન વિકાસની શૈક્ષણિક પદ્ધતિ | ૫૦ |

❖ **સંસ્થાએ કરવાની કાર્યવાહી:**

સ્વનિર્ભર D.P.S.E. સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા મંજુર કરવામાં આવેલ અચુક મોકલવાની રહેશે

(૧) સંસ્થાના નિયમિત/પુનરાવર્તિત વિદ્યાર્થીઓને પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

(૨) વિદ્યાર્થીઓ/કોલેજોએ ઓનલાઈન ભરેલા આવેદનપત્રો માં કોઇ પણ પ્રકાર ની ક્ષતિ હોય તો પૂરેપૂરી ચકાસણી કરી સંસ્થાના આચાર્ય દ્વારા જ સુધારો કરાવવાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના આચાર્ય ની રહેશે.

(૩) આચાર્યશ્રીએ પુનરાવર્તિત વિદ્યાર્થીના મુક્તિના વિષયો ની પૂરેપૂરી ચકાસણી કરી આવેદનપત્ર ભરાવવાના રહેશે.

(૪) સંસ્થાએ સંસ્થા અને વિદ્યાર્થીના રજૂ કરવાના જરૂરી આધારો/પ્રમાણપત્રોની તમામ વિગતો ની ચકાસણી કરીને યોગ્ય રીતે ફાઇલીંગ કરી તા:૦૩/૦૩/૨૦૧૯ ના રોજ બપોરના ૧૧ થી ૪ સુધીમાં રાજય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાના રહેશે.

(૫) ડી.પી.એસ.ઈ વિદ્યાર્થીઓને વાર્ષિકપાઠની બાહ્ય પરીક્ષા માટે સમયસર હાજર રાખવાના રહેશે.

(૬) બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ સીટનંબર મેળવી લેવા,તથા સંસ્થાના આચાર્યશ્રી દ્વારા મૂલ્યાંકનપત્રકો પર સીટનંબર સાથે જરૂરી વિગતોની પૂર્તતા કરવી.અને તેની ચકાસણી કર્યા બદલ સબંધિત સંસ્થાના પરીક્ષાર્થીઓના મૂલ્યાંકનપત્રકો પર આચાર્યશ્રી દ્વારા ગુણાંકન પહેલા સંસ્થાનો સિક્કો લગાવીને સહી કરી મોબાઇલ નંબર લખવાનો રહેશે.

(૭) ડી.પી.એસ.ઈ પરીક્ષા પૈકી જે તે પરીક્ષાના ગેરહાજર રહેલ પરીક્ષાર્થીની નોંધ જે તે આંતરિક પરીક્ષકશ્રી અને બાહ્ય પરીક્ષકશ્રીના તેમજ એંકન્દરી મૂલ્યાંકનપત્રક પર સીટ નંબર સામે AB અને નીચે સીટ નંબર ની નોધ () “લાલ” શાહી થી
સંસ્થાના આચાર્યશ્રી દ્વારા ગુણાંકન પહેલા કરવાની રહેશે .

❖ **પાસીંગ ગુણ :-**

ડી.પી.એસ.ઈ નવા અભ્યાસક્રમના પરીક્ષાર્થીઓ માટે જ તમામ પરીક્ષા અને દરેક વિષયમાં પાસીંગ ગુણ ૫૦% તથા ૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ પરંતુ વધુમાં વધુ ૧૫ ગુણ અને વધુમાં વધુ બે વિષય માં જ આ કૃપાગુણ નો લાભ મળી શકશે.

❖ **ગેરરીતિ કેસ :-**

ગેરરીતિ કેસ વાળા તાલીમાર્થીઓએ તેમની સજા પૂર્ણ હોય તો સજાના હુકમ ની નકલ આવેદનપત્ર સાથે જોડવી.

❖ **પરીક્ષા કેન્દ્રો:-**

આ પરીક્ષાના કેન્દ્રો: બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, ખેડા, રાજકોટ, સુરત, વડોદરા રહેશે.

❖ <u>અગત્યની સૂચનાઓ :-</u>

- ઉમેદવાર અથવા શાળાઓ તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.
- અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા કોઇપણ પ્રકાર નો સુધારો કરી આપવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો રાજ્ય પરીક્ષા બોર્ડનો સંપર્ક કરવો.

સ્થળ: ગાંધીનગર

તારીખ:૧૨/૦૨/૨૦૧૯

(પી.એ.જલુ )

અધ્યક્ષ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

❖ <u>નકલ રવાના અમલાર્થે</u>

(૧) પ્રાચાર્યશ્રી <u>જિલ્લા શિક્ષણ તાલીમ ભવન</u>,

(બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, ખેડા, રાજકોટ, સુરત, વડોદરા)

આપના કાર્યક્ષેત્ર હેઠળની તમામ બિન સરકારી /સ્વનિર્ભરપૂર્વ પ્રાથમિક બાલ અધ્યાપન મંદિરને જાણ કરવા સારૂ.

(૨) <u>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી</u> (બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, ખેડા, રાજકોટ, સુરત, વડોદરા)

❖ <u>નકલ સાદર રવાના જાણ સારૂ.</u>

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, જીસીઇઆરટી સેકટર -૧૨, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર